## National Policy for the Empowerment of Women (2001)
## મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય યોજના (૨૦૦૧)

**Introduction** પ્રસ્તાવના

લિંગ સમાનતાનો સિધ્ધાંત ભારતનાં બંધારણનાં, મૂળભૂત અધિકારો, મૂળભૂત ફરજો અને નિર્દેશક સિધ્ધાંતોમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે. બંધારણ મહિલાઓને ફક્ત સમાનતા આપતું જ નથી, પરંતુ રાજ્યને મહિલાઓના સશક્તિકરણ માટે તેમની તરક હકારાત્મક વલણ રાખવા પણ સૂચવે છે.

લોકશાહીનાં માળખામાં, આપણા કાયદાઓ, વિકાસ યોજનાઓ, આયોજનો અને કાર્યક્રમો મહિલાને વિવિધ ક્ષેત્રોમાં આગળ વધારવા કટિબધ્ધ જણાયા છે. પાંચમી પંચવર્ષીય યોજના (૧૯૭૪-૭૮) ના સમયથી જ મહિલાઓને લગતા વિકાસ અને કલ્યાણનાં મુદ્દાઓ બાબતે ફેરફાર થવા લાગ્યા હતાં. છેલ્લા કેટલાક વર્ષોમાં, મહિલાઓનો દરજ્જો નક્કી કરવામાં મહિલા સશક્તિકરણને કેન્દ્રીય મુદ્દા તરીકે ઓળખવામાં આવ્યો છે. ૧૯૯૦નાં લોકસભાનાં કાયદા બાદ રાષ્ટ્રીય મહિલા કમિશનની રચના કરવામાં આવી હતી જેથી મહિલાઓનાં હકો અને કાયદાકીય સંપત્તિઓનું રક્ષણ કરી શકાય. ભારતીય બંધારણનાં ૭૩મા અને ૭૪મા સુધારાઓ (૧૯૯૩) અંતર્ગત સ્થાનિક એકમો જેવાકે પંચાયત અને મ્યુનિસિપાલિટીમાં મહિલાઓ માટે અનામત રાખીને મહિલાઓ દ્વારા નિર્ણય પ્રક્રિયામાં સહભાગીતા નક્કી કરવામાં આવે છે.

૧.૩ ભારતે પણ અનેક આંતરરાષ્ટ્રીય અને માનવાધિકાર દસ્તાવેજો તૈયાર કર્યા છે જેમાં મહિલાઓને સમાન હકો આપવાનું નક્કી કરેલ છે. તેમાંનું મુખ્ય છે કન્વેન્શન ઓન એલિમિનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્ક્રિમિનેશન અગેઇન્સ્ટ વિમેન (CEDAW) જે 1993માં ભરાયું હતું.

૧.૪ ધ મેક્સિકો પ્લાન ઓફ એક્શન (૧૯૭૫), ધ નૈરોબી ફોરવર્ડ લુકિંગ સ્ટ્રેટેજીઝ (૧૯૮૫), ધ બૈજીંગ ડિક્લેરેશન એન્ડ પ્લેટફોર્મ ફોર એક્શન (૧૯૯૫) તેમજ UNGA નાં જાતિય સમાનતા અને વિકાસ તેમજ એકવીસમી સદી માટે જાતિય સમાનતા અને વિકાસ વિભાગનો રિપોર્ટ જેનું શિર્ષક "બેઇજીંગ ડિક્લેરેશન અને પ્લેટફોર્મ ફોર એક્શન નાં અમલ માટેનાં આગવાં પગલાં અને કાર્યો" **છે તેને ભારતે કોઇ પણ વિરોધ વિના અપનાવી લીધું હતું.**

૧.૫ આ યોજના નવમી પંચવર્ષીય યોજના અને અન્ય ક્ષેત્રીય યોજનાઓ જે મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલી છે તેની પણ નોંધ લે છે.

૧.૬ મહિલાઓની ચળવળ અને બિનસરકારી સંસ્થાઓનું નેટવર્ક જેને ખૂબ મૂળભૂત સ્તરો સુધી પહોંચ છે અને મહિલાઓની સમસ્યા વિશે ઉંડી સમજ છે તેઓએ મહિલા સશક્તિકરણમાં ખૂબ પ્રેરણાત્મક રીતે ફાળો આપ્યો છે.

૧.૭ જો કે, હજુયે બંધારણ, કાયદો, યોજનાઓ, કાર્યક્રમો અને અન્ય પ્રક્રિયાઓ અને બીજી તરફ ભારતમાં મહિલાઓનાં સ્થાન વિશે ખાસો ભેદ છે. ભારતમાં મહિલાઓનાં સ્થાન પરની સમિતિ દ્વારા તૈયાર કરાયેલ રિપોર્ટ "ટુવર્ડસ ઇક્વાલિટી", 1974માં અને નેશનલ પર્સપેક્ટિવ પ્લાન ફોર વિમેન, 1988-2000, ધ શ્રમશક્તિ રિપોર્ટ્, 1988 અને ધ પ્લેટફોર્મ ફોર એક્શન ફોર ફાઇવ યર્સ આફ્ટરઃ એન અસેસમેન્ટ "માં તે હકીકત જણાવેલ છે.

૧.૮ જાતિભેદનો સૌથી દેખીતું ઉદાહરણ છે સમાજમાં ઘટી રહેલી મહિલાઓની સંખ્યા જે છેલ્લા દસેક વર્ષમાં વધુ સ્પષ્ટ બનેલ છે. સામાજિક રૂઢિઓ અને કૌટુંબિક તેમજ સામાજિક સ્તરે થતી હિંસા એ અન્ય દેખીતાં ઉદાહરણો છે. બાળકી અને મહિલાઓ પ્રત્યે ભેદભાવ દેશનાં વિવિધ ભાગોમાં પ્રવર્તે છે.

**૧.૯ આ જાતિભેદ માટે જવાબદાર મુખ્ય કારણો આપણા સામાજિક અને આર્થિક માળખાં, જે ઔપચારિક અને અનૌપચારિક રૂઢિઓને આધારે સ્થયાપેલ છે તે રહેલ છે.**

૧.૧૦ તદુપરાંત, મહિલાનોને, ખાસ કરીને નબળા વર્ગની મહિલાઓ જે અનુસૂચિત જાતિ અને જનજાતિની છે અથવા અન્ય પછાત વર્ગો અને લઘુમતી કોમોની છે અને ગ્રામીણ વિસ્તારોમાં રહેતી હોવાથી અભાધિત ક્ષેત્ર સાથે સંકળાયેલ છે, તેમને શિક્ષણ, આરોગ્ય, સ્રોતો અપ્રાપ્ય છે. તેથી તેઓ કુંઠિત, ગરીબ અને સામાજિક રીતે વંચિત રહે છે.

### ધ્યેય અને હેતુઓ Goal and Objectives

૧.૧૧ આ યોજનાનો મુખ્ય હેતુ મહિલાઓને સશક્ત કરવાનો તેમને આગળ વધારવાનો અને તેમનો વિકાસ કરવાનો છે. આ યોજના ખાસ કરીને વિવિધ લાભાર્થીઓને આ ધ્યેયોને સાર્થક

કરવા માટે સક્રિય સહભાગીતા માટે પ્રેરશે. યોજનાનાં વિશિષ્ટ હેતુઓમાં નીચેનાં હેતુઓનો સમાવેશ થાય છેઃ

(i) મહિલાઓને તેમની શક્તિને સામર્થ્ય આપવા માટે આર્થિક અને સામાજિક યોજનાઓ દ્વારા એવું વાતાવરણ પૂરૂં પાડવું.

(ii) રાજનીતિ, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને નાગરિકતા ના બધા જ ગોળાર્ધોમાં, મહિલાઓને કાયદાકીય અને હકીકતમાં પુરૂષોને સમાન હક્કો મળે તે જોવું.

(iii) મહિલાઓને રાષ્ટ્રનાં સામાજિક, રાજનૈતિક અને આર્થિક નિર્ણયોમાં સમાન રીતે સહભાગી થવાનો હક

(iv) આરોગ્ય અને સંભાળ, દરેક સ્તરે ગુણવત્તાભર્યું શિક્ષણ, કારકિર્દી અને વ્યાવસાયિક માર્ગદર્શન, રોજગાર, સમાન પગારધોરણ, વ્યાવસાયિક આરોગ્ય અને સુરક્ષા, જાહેર સુરક્ષા વગેરેમાં સમાનતા.

(v) મહિલાઓ વિરૂધ્ધ થતા ભેદભાવને સમગ્ર રીતે નાબૂદ કરવા માતે કાયદા તંત્રને મજબૂત કરવું.

(vi) સામાજિક વ્યવહાર અને વર્તનમાં મહિલા અને પુરૂષોનાં સક્રિય સહભાગી બની બદલાવ લાવવો.

(vii) વિકાસ પ્રક્રિયામાં જાતિભેદને મુખ્ય મુદ્દા તરીકે આગળ લાવવો.

(viii) મહિલા અને બાળકીઓ વિરૂધ્ધ આચરાતા દરેક પ્રકારનાં ભેદભાવનો અંત લાવવો; અને

(ix) સમાજમાં ખાસ કરીને મહિલા સંસ્થાઓ સાથે ભાગીદારી વધુ મજબૂત બનાવવી.

**યોજનામાં થયેલ સૂઝાવોઃ Policy Prescriptions**

**Judicial Legal Systems ન્યાય તંત્ર**

કાયદા-ન્યાય તંત્રને મહિલાઓની જરૂરિયાતો પ્રત્યે વધુ અસરકારક બનાવવામાં આવશે જેમાં ખાસ ધ્યાન કૌટુંબિક હિંસા અને આક્રમણ પર હશે. નવા કાયદાઓ ઘડવામાં આવશે અને જૂનાને ત્વરિત રિવ્યુ વડે આવશ્યક શિક્ષાઓ દ્વારા વધુ નક્કી કરવામાં આવશે.

૨.૨ સમાજ અને ધર્મગુરૂઓ સહિતનાં અન્ય લાભાર્થીઓ સાથે મળીને કરાયેલ પ્રયાસ દ્વારા આ યોજના વ્યક્તિગત કાયદાઓમાં લગ્ન, તલાક, વાલીપણું અને સંભાળ વગેરે જેવા કાયદાઓમાં ફેરફાર લાવી મહિલાઓ સાથે થતા ભેદભાવને પહોંચી વળવા પ્રયત્ન કરે છે.

૨.૩ સંપત્તિ હકો એ એક પૈતૃક વ્યવસ્થા છે અને તેને કારણે સ્ત્રીઓને ઉતરતો દરજ્જો મળેલ છે. આ યોજના સંપત્તિને લગતા કાયદાઓમાં ફેરફાર લાવી અને તેની આનુવંશિકતા બાબતે તેને જાતિય રીતે તટસ્થ બનાવવા ઇચ્છે છે.

**Decision Making નિર્ણયશક્તિ**

૩.૧ સશક્તિકરણનાં ધ્યેયને સાર્થક કરવા માટે અને તેમને રાજનૈતિક સહિતનાં ક્ષેત્રોમાં નિર્ણય લેવામાં સહભાગી બનાવવા માટે તેમને સત્તામાં ભાગી દારી આપવામાં આવશે. કાય્દાકીય, વહીવટી, ન્યાયિક, ખાનગી ક્ષેત્રે, નિયંત્રક એકમો, સલાહ કમિશનો, સમિતિઓ, બોર્ડ અને ટ્રસ્ટ એમ દરેક ક્ષેત્રે દરેક સ્તરે મહિલાઓને સમાન પ્રાપ્યતા અને નિર્ણય લેવાનો સમાન હક આપવામાં આવશે. સમયમર્યાદા નાં આધારે જ્યાં જ્યાં આવશ્યક જણાશે ત્યાં ત્યાં અનામત પણ ફાળવવામાં આવશે. મહિલાઓને સુવિધા રહે તેવી યોજનાઓ દ્વાર મહિલાઓનો વિકાસ પ્રક્રિયામાં ફાળો નિર્ધારિત કરાશે.

**Mainstreaming a Gender Perspective in the Development Process વિકાસ પ્રક્રિયામાં જાતિભેદને મુખ્ય સ્થાન આપવું**

**૪.૧ મહિલાઓ વિકાસ પ્રક્રિયામાં ભાગ લે અને તેમનો દ્રષ્ટિકોણ વિકાસ પ્રકિર્યામાં ઉત્સેચક, સહભાગી અને પ્રાપ્ત કરનાર વ્યક્તિરૂપે દર્શાવે તે માટે તેમને તૈયાર કરવામાં આવશે. જ્યાં જયાં યોજનાઓ અને કાર્યક્રમોમાં અવકાશ જણાશે ત્યાં, વિશિષ્ટ દખલગીરી દ્વારા તે અવકાશને જોડવામાં આવશે. આવી પ્રક્રિયાઓની પ્રગતિને નક્કી કરવા માટે સંચાલન અને નિયંત્રણ પ્રક્રિયાઓ પણ નક્કી કરવામાં આવશે. મહિલાઓનાં મુદ્દાઓ અને તેમની ચિંતાઓને કાયદાઓ, ક્ષેત્રીય યોજનાઓ, આયોજનો અને** કાર્યક્રમ દ્વારા આગળ લઇ જવામાં આવશે.

**Economic Empowerment of women મહિલાઓનું આર્થિક સશક્તિકરણ**

***Poverty Eradication ગરીબી નાબૂદી***

૫.૧ મહિલાઓ મોટા ભાગે ગરીબી રેખાથી નીચેની વસતિમાં આવતી હોવાથી, તૈયાર કરવામાં આવતી યોજનાઓ અને કાર્યક્રમો ખાસ કરીને આ પ્રકારની સ્ત્રીઓ જે ગરીબીની પરાકાષ્ઠામાં રહે છે તેમને સંબોધશે. મહિલાઓ માટે પ્રવર્તમાન કાર્યક્રમોનું વધુ ચુસ્ત અમલ કરવામાં આવશે. ગરીબ સ્ત્રીઓને માટે આર્થિક અને સામાજિક વિકલ્પો પૂરા પાડી અને તેમની ક્ષમતામાં વધારો કરવાનાં પ્રયત્નો કરવામાં આવશે.

***Micro Credit સૂક્ષ્મ ધિરાણ***

**૫.૨ મહિલાઓ માટે ઉપયોગ અને ઉત્પાદન બાબતે અને તેમની ધિરાણની પ્રાપ્યતા વધારવા માટે, નવી સૂક્ષ્મ ધિરાણ પધ્ધતિઓ સ્થાપવામાં આવ્શે અને પ્રવર્તમાન સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવામાં આવશે. અન્ય સહાયક પગલાંઓ દ્વારા ધિરાણનું વહાણ બેંકો અને અન્ય આર્થિક સંસ્થાઓ દ્વારા** એ રીતે ગોઠવવામાં આવશે જેથી દરેક ગરીબ મહિલાને તે પ્રાપ્ય રહે.

***Women and Economy મહિલાઓ અને અર્થતંત્ર***

૫.૩ દીર્ઘ આર્થિક તેમજ સામાજિક યોજનાઓ તૈયાર કરવામાં અને તેવી પ્રક્રિયાઓમાં તેમની સહભાગીતા વધારવા માટૅ મહિલાઓનો આ પ્રકારની પધ્ધતિઓમાં સમાવેશ કરવામાં આવશે. સામાજિક- આર્થિક વિકાસમાં મહિલાઓનો ઉત્પાદકો તેમજ કાર્યકરો તરીકેનો ફાળો ઓળખી અને તેમને ઔપચારિક તેમજ અનૌપચારિક ક્ષેત્રઓ (ગૃહૌદ્યોગો જેવાં કાર્યો) માં તેમની કાર્ય પરિસ્થિતિમાં સુધારો થાય તે પ્રકારનાં પગલાં લેવામાં આવશેઃ

જ્યાં જ્યાં આવશ્યક લાગે ત્યાં કાર્યનો અર્થ પુનર્વ્યાખ્યાયિત કરવો. દા.ત. વસતિ રેકોર્ડમાં મહિલાઓને ઉત્પાદકો કે કાર્યકરો તરીકે બતાવી શકાય.

સેટેલાઇટ અને રાષ્ટ્રીય એકાઉન્ટ્સ તૈયાર કરવાં.

(i) અને (ii) માટે યોગ્ય પધ્ધતિઓ તૈયાર કરવી.

***Globalization વૈશ્વિકરણ***

મહિલા સમાનતા, જાતિય અસરકારકતા જેવા અનેક મુદ્દાઓ જે હજુ સુધી વ્યવસ્થિત રીતે વિશ્લેષિત કરવામાં આવ્યાં નથી તેનાં માટે વૈશ્વિકરણ નવી ચુનૌતીઓ આપે છે. જો કે, સૂક્ષ્મ

સ્તરનાં અભ્યાસ જે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા, તેનાં પરથી એ સ્પષ્ટ છે કે મહિલાઓને રોજગારની ગુણવત્તા અને પ્રાપ્યતા પર્યાપ્ત કરવા માટે યોજનાઓનું પુનર્રચના આવશ્યક છે. વધતાં જતાં વૈશ્વિક અર્થતંત્રને કારણે આર્થિક અસમાનતા પણ વધી ગઈ છે, ગરીબી વધુ ગ્રસ્ત બની છે, જાતિભેદ વધ્યો છે અને કાર્યસ્થળોની વણસતી પરિસ્થિતિને કારણે અને અસુરક્ષિત વાતાવરણને કારણે ગરીબ ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થિતિ આર્થિક પરિસ્થિતિ વણસી છે. મહિલાઓએ સશક્ત કરવા અને તેમને સમાજની નકારાત્ક અસરોમાંથી કાઢવા માટે નિતિઓ નક્કી થશે.

***Women and Agriculture મહિલા અને કૃષિ***

૫.૫ કૃષિ અને તેને લગતી ક્ષેત્રોમાં મહિલાઓનો મહત્વ નો ફાળો ધ્યાનમાં રાખી જોતાં ઉત્પાદક અને કાર્યકર મહિલાઓ માટે તાલીમ અને અન્ય કાર્યકરો દ્વારા તેમને તૈયાર કરવામાં આવશે. માટી સુરક્ષણ, પશુપાલન, મત્સ્યપાલન વગેરે જેવા વિષયો પર તાલીમ પૂરી પાડવામાં આવશે.

***Women and Industry મહિલા અને ઉદ્યોગ***

૫.૬ ઇલેક્ટ્રોનિક્સ, માહિતી તકનીક ખાદ્યપ્રક્રિયાઓ અને કૃષિ ઉદ્યોગોમાં સ્ત્રીઓ દ્વારા થતું યોગદાન તે તે ક્ષેત્રનાં વિકાસ માટે નિર્ણાયક બની રહે છે. તેથી તેમને મજૂર કાયદો, સામાજિક સુરક્ષા અને અન્ય સહાયક સેવા દ્વારા વિવિધ ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં ભાગ લેવા પ્રેરવામાં આવે છે.

૫.૭ જો ઇચ્છે તો પણ મહિલાઓ ફેક્ટરીમાં રાતની પાળી કરી શકતી નથી. પરંતુ આવુમ થઈ શકે તે માટે આવશ્યક પગલાં લેવામાં આવશે. તે માટે તેમને સુરક્ષા અને વિનયન જેવી સહાયક સેવાઓ પૂરી પાડવામાં આવશે.

***Support Services સહાયક સેવાઓ***

૫.૮ મહિલાઓ માટે બાળ સંભાળ સુવિધાઓ, કાર્યસ્થળે બાળ સંભાળ, શૈક્ષણિક સ્મસ્થાઓ, ઘરડાં અને શારિરીક રીતે અસમર્થ વ્યત્કિઓ માટે રહેઠાણ વગેરે જેવી સહાય સેવાઓ સ્ત્રીઓને પૂરી પાડી તેમને સંપૂર્ણ સામાજિક, રાજનૈતિક અને આર્થિક જીવન જીવવાનું વાતાવરણ પૂરું પાડવું જોઇએ. મહિલાઓને મદદરૂપ વ્યક્તિગત યોજનાઓ દ્વારા મહિલાઓને વિકાસ પ્રક્રિયાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહન મળશે.

**Social Empowerment of Women મહિલાઓનું સામાજિક સશક્તિકરણ**

***Education શિક્ષણ***

૬.૧ મહિલા અને સ્ત્રીઓને શિક્ષણની સમાન તકો મળી રહે તે જોવામાં આવશે. ભેદભાવ ઘટાડવા, શિક્ષણનો પ્રસાર કરવા, અશિક્ષણને નાબૂદ કરવા, જાતિય સંવેદના યુક્ત શિક્ષણ તંત્ર, બાળકીઓનો શાળામાં દાખલો વધારવાની અને તેમને ભણતરમાં રોકી રાખવાની કોશિશ અને જીવનભર શિક્ષણ ચાલુ રહે તેમજ વ્યવસાય/ તકનીકી કુશળતાઓ વગેરેને પ્રોત્સાહિત કરવા માટે પ્રયત્નો કરવામાં આવશે. માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણમાં જાતિય ભેદ ઘટાડવો એ સૌથી આવશ્યક ક્ષેત્ર રહેશે. મહિલાઓ અને બાળકીઓ પર ધ્યાન પાતી, ખાસ કરીને અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિઓ/ આદિવાસીઓ અને અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓને ધ્યાનમાં રાખીને સમયાંતરે યોજનાઓને અવમૂલિત કરવામાં આવશે. જાતિય સંવેદના ધરાવતો અભ્યાસ ક્રમ દરેક શિક્ષણ તંત્ર માટે તૈયાર કરવામાં આવશે જેથી જાતિયતા, જે જાતિય ભેદનું મુખ્ય કારણ બની જતું હોય છે તેને નકારી શકાય.

***Health આરોગ્ય***

૬.૨ મહિલા આરોગ્ય જેમાં પોષણ અને આરોગ્ય સેવાઓ બન્નેનો સમાવેશ થાય છે તે બાબતે એક સર્વાંગી અભિગમ દાખવવામાં આવશે, જેમાં મહિલાનાં જીવનનનાં વિકાસનાં તબક્કાઓને ધ્યાનપૂર્વક આવરી લેવામાં આવશે. બાળ મૃત્યુદરમાં ઘટાડો જે માનવવિકાસનો એક મહત્વનો અંક છે તે એક મુખ્ય ચિંતાનો વિષય છે. આ યોજના રાષ્ટ્રીય માનવવિકાસ ધ્યેયો જેવા કે બાળ મૃત્યુદર (IMR), માતા મૃત્યુ દર (MMR) વગેરેને રાષ્ટ્રીય વસતિ યોજના 2000માં જ ગણી લેવામાં આવ્યાં છે. ***મહિલાઓને સંપૂર્ણ અને*** **આર્થિક રીતે સામાન્ય ગુણવત્તા ભરી આરોગ્ય સંભાળ મળી રહેવી જોઇએ. મહિલાઓને તેમનાં પ્રજોત્પત્તિનાં હકો, તેમની પસંદગી, તેમની જાતિય સંબંધોમાં પરવહતા, તેને લગતી સમસ્યાઓ તેમજ અન્ય રોગો જેમ કે મેલેરિયા, ટીબી અને પાણીજન્ય રોગો જેવાં કે રક્ત ચાપ અને હ્રદયરોગો વગેરે વિશે માહિતગાર કરવામાં આવશે.** HIV/AIDS અને અન્ય જાતિય રોગોની સામાજિક, વિકાસકીય અસરોને ધ્યાન્માં રાખી મહિલાઓનો દ્રષ્ટિકોણ ધ્યાનમાં લેવામાં આવશે.

૬.૩ બાળ અને માતૃ મૃત્યુ દર અને બાળ વિવાહને ઘટાડવા માટે સૂક્ષ્મ સ્તરે પ્રાપ્ય માહિતીનાં આધારે, મૃત્યુ, જન્મ અને લગ્નનો હિસાબ રાખવો આવશ્યક રહે છે. તેથી જન્મ, મૃત્યુ અને લગ્નની નોંધણીનું ચુસ્તપણે પાલન થાય તે જોવામાં આવશે.

૬.૪ રાષ્ટ્રીય વસતિ યોજના (૨૦૦૦) ની વચનબધ્ધતાનાં આધારે વસતિ નિયંત્રણ માટે આ યોજના મહિલા અને પુરૂષોની સુરક્ષિત, અસરકારક અને સસ્તી એવી કુટુંબનિયોજનની પધ્ધતિઓ તેમજ બાળ વિવાહ અને બે બાળકો વચ્ચેનાં અંતર નક્કી કરવા જેવા મુદ્દાઓની આવશ્યક ગણે છે. શિક્ષણનો પ્રસાર, લગ્નની ફરજિયાત નોંધણી અને BSY જેવા વિશિષ્ટ કાર્યક્રમો તેમજ ૨૦૧૦ સુધીમાં બાળ વિવાહો સંપૂર્ણતઃ નાબૂદ કરવાની યોજના તેમજ લગ્નની ઉંમર પાછી ઠેલવાનાં પ્રયત્નો શરૂ કરાયા છે.

૬.૫ મહિલાઓનું આરોગ્ય દેખરેખ અને પોષણ માટેનું રૂઢિગત જ્ઞાન સુવ્યવસ્થિત રીતે દસ્તાવેજિત કરવામાં આવશે. ભારતીય અને અન્ય ઔષધીય પધ્ધિતિઓ દ્વારા સમગ્ર આરોગ્ય માળખની સ્ત્રીઓને પ્રાપ્યતા વધારી આપવામાં આવશે.

***Nutrition પોષણ***

૬.૬ બાળપણ, તરૂણાવસ્થા અને પ્રજોત્પત્તિની ઉંમરમં સ્ત્રીઓ કુપોષણ અને રોગની ભિતી ધરાવતી હોય છે. મહિલાઓનાં આવાં અને અન્ય દરેક તબક્કે તેમને યોગ્ય પોષણ મળી રહે તે ધ્યાન રાખવામામ આવશે. તે તરૂણીઓ, ગર્ભવતીઓ અને માતાઓનાં તથા બાળકનાં આરોગ્ય વચ્ચે પોષણની જોડતી કડી પણ બની રહે છે. લઘુ અને ગુરૂ પોષકતત્વોની ઊણપને પહોંચી વળવા અને તે રીતે અનેક રોગો અને ખામીઓને પહોંચી વળવા ખાસ પગલાં લેવામાં આવશે.

૬.૭ યોગ્ય નિતીઓ દ્વારા ઘરની અંદર વિવિધ સ્ત્રીઓ સાથે થતાં પોષણમાં ભેદભાવને પણ પહોંચી વળવા પગલાં ભરવામાં આવશે. પોષણ શિક્ષણનાં પ્રચાર દ્વારા ઘર અંદર થતાં અપોષણ અથવા અપૂરતાં પોષણને ખાસ કરીને ગર્ભવતી અને માતાઓનાં પોષણમાટે ઊણપો રહી જતાં અટકાવવામાં આવશે. આ પ્રકારનાં આયોજન, દેખરેખ અને અમલમાં મહિલાઓનો દ્રષ્ટિકોણ પણ ધ્યાનમાં લેવામાં આવશે.

***Drinking Water and Sanitation પીવાનું પાણી અને સ્વચ્છતા***

૬.૮ મહિલાઓની સ્વચ્છ પીવાનાં પાણી, કચરાનો નિકાલ, શૌચાલય સુવિધા અને સ્વચ્છતા ગામ તેમજ શહેરી ઝૂંપડપટ્ટીઓમાં દરેક ઘરે પ્રાપ્ય રહે તે ખાસ ધ્યાનમાં લેવામાં આવશે. મહિલાઓનાં સહભાગી કરણથી તેનું આયોજન અને સારસંભાળ શક્ય બનશે.

***Housing and Shelter ગૃહ અને રહેઠાણ***

૬.૯ મહિલાઓનાં દ્રષ્ટિકોણ ગૃહ યોજનાઓ, કોલોની આયોજન અને ગ્રામીણ તેમજ શજેરી વિસ્તારોમાં રહેઠાણ યોજનાઓ માટે ધ્યાનમાં લેવામાં આવશે. ખાસ ધ્યાન સુરક્ષિત રહેઠાણ, ખાસ કરીને એવી એકલી સ્ત્રીઓ, ઘર ચલાવતી સ્ત્રીઓ, નોકરી કરતી સ્ત્રીઓ, વિદ્યાર્થીનીઓ તેમજ તાલીમાર્થી સ્ત્રીઓને આપવામાં આવશે.

***Environment પર્યાવરણ***

૬.૧૦ મહિલાઓને પર્યાવરણ, સંરક્ષણ અને પુનર્સ્થાપન જેવા કાર્યક્રમોમાં સમાવિષ્ટ કરવામાં આવશે અને તેમનાં દ્રષ્ટિકોણ જે તે કાર્યક્રમોમાં દ્રષ્યમાન થશે. પર્યાવરણનાં પરિબળોની તેમના જીવન પર થતી અસરને ધ્યાનમાં રાખીને, પર્યાવરણ સંરક્ષણ અને વિનાશનાં નિયંત્રણમાં તેમને સક્રિય કરવામાં આવશે. મોટા ભાગની મહિલાઓ આજે પણ ઉર્જાનાં બિન આર્થિક સ્રોતો જેવાં કે પશુ વિષ્ટા, વનસ્પતિનાં ઝાંખરાં અને અન્ય ઇંધણ પર આધારિત હોય છે. ઉર્જાના સ્રોતોનાં અસરકારક ઉપયોગ માટે આ યોજના અંતર્ગત નવા પ્રકારનાં ઉર્જા સ્રોતો પર કાર્યક્રમ તૈયાર કરવામાં આવશે. મહિલાઓમાં સૌર ઉર્જા, બાયોગેસ, ધૂમ્રરહિત ચુલા અને અન્ય ગ્રામીણ ઉપયોગો દ્વારા તેમની જીવનશૈલીને બદલવા અને ત્યાંની પર્યાવરણ તંત્રને સંરક્ષિત કરવાનાં પ્રયાસો કરવામાં આવશે.

***Science and Technology વિજ્ઞાન અને તકનીક***

**૬.૧૧ મહિલાઓનું યોગદાન વિજ્ઞાન અને તકનીકી ક્ષેત્રે વધારવા માટે કાર્યક્રમોને વધારે સક્ષમ બનાવવામાં આવશે. તેની અંતર્ગત મહિલાઓને વિજ્ઞાનને તેમ્નાં ઉચ્ચઅભ્યાસ માટે પસંદ કરવા પ્રોત્સાહિત કરવામાં આવશે. માહિતી પ્રસારણ જેવાં ક્ષેત્રમાં આવશ્યક વૈજ્ઞાનિક તાલીમ**

**દ્વારા તેમને વધુ સક્ષમ બનાવવામાં આવશે.** મહિલાઓને આવશ્યક તકનીકોના વિકાસ માટે અને તેમને ઓછી મહેનત પડે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવશે.

***Women in Difficult Circumstances વિકટ પરિસ્થિતિમાં મહિલાઓ***

૬.૧૨ મહિલાઓની સ્થિતિમાં શક્ય વૈવિધ્ય અને તેથી તેમાંના વિશિષ્ટ અસરગ્રસ્ત જૂથો માટે વિશિષ્ટ સહાયનાં કાર્યક્રમો તૈયાર કરવામાં આવશે. આ જૂથોમાં અત્યંત ગરીબ મહિલાઓ, ત્યક્તાઓ, કુદરતી પ્રકોપનો ભોગ બનેલી મહિલાઓ, અસમર્થ વિધવાઓ, ખૂબ ઘરડી મહિલાઓ, તકલીફમાં રહેનાર એકલી મહિલા, ઘર ચલાવતી મહિલાઓ, નોકરીમાંથી છૂટી કરાયેલ મહિલાઓ, હિજરતીઓ, લગ્નમાં હિંસાનો ભોગ બનેલી મહિલાઓ, ત્યજાયેલી અને વેશ્યા મહિલાઓનો સમાવેશ થાય છે.

**Violence against women મહિલાઓ વિરૂધ્ધ હિંસાઓ**

૭.૧ મહિલાઓ વિરૂધ્ધની દરેક પ્રકારની હિંસા, શારિરીક હોય કે માનસિક હોય, ઘરેલુ હોય કે સામાજિક હોય, રૂઢિગત હોય કે પ્રચલિત હોય, માન્યતા હોય કે સ્વીકૃત પ્રક્રિયા હોય, તેને ધરમૂળથી નિકાલ કરવાનાં પ્રયત્નો કરવામાં આવશે. સંસ્થાઓ અને યોજનાઓ દ્વારા સહાય ઉભી કરવામાં આવશે જેનાં દ્વારા આવી હિંસાઓ જેમાં કાર્યસ્થળ પર જાતિય સતામણી જેવી સમસ્યા, સામાજિક ઉપદ્રવ જેવો કે દહેજ વગેરેને સખત રીતે નિકાલ કરવામાં આવશે. મહિલાઓ અને બાળ મહિલાઓનાં દેહવિક્રય બાબત પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

**Rights of the Girl Child દીકરી બચાવોનાં હકો**

૮.૧ દીકરી વિરૂધ્ધ દરેક પ્રકારનાં ભેદભાવ અને તેનાં હકોનો ભંગ વિવિધ ચુસ્ત પગલાંઓ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે. જરૂર જણાશે ત્યાં તેને પરિવારમાં અથવા તેની બહાર થતા ગુનાઓ માટે શિક્ષાત્મક બનાવવામાં આવશે. ગર્ભાધાન દરમિયાન જાતિય પરિક્ષણ અને સ્ત્રીભૃણની હત્યા, સ્ત્રીબાળ હત્યા, બાળ વિવાહ, બાળ શોષણ અને બાળ દેહવિક્રય જેવા મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવશે. પરિવારની અંદર તેમજ બહાર દીકરી સાથે થતા દુર્વ્યવહારને નકારવા અને સ્ત્રી બાળકની હકારાત્મકતાને પ્રોત્સાહિત કરવામાં આવશે. ખોરક અને પોષણ, આરોગ્ય અને શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષન જેવા ક્ષેત્રોમાં નિવેષ દ્વારા મહિલા બાળની

જરૂરિયાતો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. બાળ મજૂરી કાર્યક્રમોનાં અમલમાં સ્ત્રી બાળકો ઉપર ખાસ વજન મૂકવામાં આવશે.

**Mass Media જાહેર માધ્યમો**

૯.૧ માધ્યમોનો ઉપયોગ મહિલા અને છોકરીઓનાં માનવસમ્માનનાં પ્રચાર માટે કરવામાં આવશે. આ યોજના વિશિષ્ટરૂપે મહિલાઓને નીચા દર્શાવતા, દ્વિઅર્થી, અપમાન જનક સામાજિક ચિત્રને બદલવા માટે કાર્યરત રહેશે. મિડીયા અને ખાનગી ક્ષેત્રનાં ભાગીદારોનાં નેટવર્ક દ્વારા માહિતી અને પ્રસાર તકનીકોનાં ક્ષેત્રોમાં પણ મહિલાઓને સમાન હક મળે તે જોવામાં આવશે. આ મિડીયા આચારસંહિતા, વ્યાવસાયિક નિર્દેશિકા અને અન્ય સ્વનિયંત્રણ પ્રક્રિયાઓ દ્વારા જાતિય ભેદને દૂર કરવા અને મહિલા અને પુરૂષો વચ્ચે સમાનતા ભર્યું સામાજિક ચિત્ર ઉભું કરવામાં મદદરૂપ રહેશે.

**Operational Strategies કાર્ય યોજનાઓ**

**Action Plans કાર્ય યોજનાઓ**

૧૦.૧ દરેક કેન્દ્રીય અને રાજ્ય મંત્રાલયો સમય મર્યાદાથી બંધાયેલ કાર્ય યોજનાઓ જેને યોજનાઓ દ્વારા અને સહભાગીતા દ્વારા મહિલા અને બાળ વિકાસનાં રાષ્ટ્રીય અને રાજ્ય વિભાગોની સલાહ દ્વારા તૈયાર કરવામાં આવશે. આ યોજનાઓ ખાસ કરીને નીચેનાં મુદ્દાઓ પર ધ્યાન આપશેઃ

i) ૨૦૧૦ સુધીમાં પહોંચવા આવશ્યક એવા ધ્યેય.
ii) સ્રોતોની ઓળખ અને વચનબધ્ધતા.
iii) કાર્યોને અમલમાં મૂકવાની જવાબદારીઓ.
iv) કાર્યોની અસરકારક દેખરેખ અને નિયમન માટે આવશ્યક માળખું અને બંધારણ.
v) બજેટની પ્રક્રિયામાં જાતિયતાને ગણતરીમાં લેવી.

૧૦.૨ સુવ્યવસ્થિત આયોજન અને કાર્યક્રમ ઘડતર અને આવશ્યક સ્રોત ફાળવણી માટે, જાતિય વિકાસ અંક (GDI) તૈયાર કરવામાં આવશે જેનાં માટે વિશિષ્ટ સંસ્થાઓની મદદ લેવામાં

આવશે. તેનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવો જરૂરી છે. જાતિય ઑડિટીંગ અને મૂલ્યાંકનોની પધ્ધતિઓ પણ સાથે સાથે તૈયાર કરવામાં આવશે.

૧૦.૩ કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ પ્રાથમિક માહિતી એકત્રીકરણ સંસ્થાઓ દ્વારા જાતિય માહિતીનું એકત્રીકરણ તેમજ જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં સંશોધન અને શિક્ષણ સંસ્થાઓ દ્વારા હાથમાં લેવામાં આવશે. માહિતીમાં રહેલ અવકાશો જે મહિલાઓની સ્થિતિ દર્શાવે છે તેને તાત્કાલિક સુધારી શકાય. દરેક મંત્રાલયો/ કંપનીઓ/ બેંકો અને આર્થિક સંસ્થાઓ વગેરેને માહિતી એકત્ર કરવા, ગોઠવવા અને તેને યોગ્ય રીતે પ્રસારિત કરવા તેમજ તેની સંભાળ અને જાહેરાત દ્વારા જાતિય ભેદને નકારવા પ્રયત્ન કરવામાં આવશે. તેનાં દ્વારા યોજનાઓનું આયોજન અને અવમૂલન થશે.

**Institutional Mechanisms સંસ્થાકીય પ્રક્રિયાઓ**

૧૧.૧ મહિલાઓના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્રીય અને રાજ્ય સ્તરે જે જે સંસ્થાકીય પ્રક્રિયાઓ પ્રવર્તે છે તેને વધુ મજબૂત બનાવવામાં આવશે. તે યોગ્ય દખલગીરી દ્વારા જેમાં આવશ્યક સ્રોત પ્રાપ્યતા, બહોળી યોજનાઓ માટે આવશ્યક મધ્યસ્થી અને તાલીમ, કાયદાઓ, કાર્યક્રમો વિગેરે દ્વાર મહિલા સશક્તિકરણ પર ધ્યાન આપવામાં આવશે.

૧૧.૨ યોજનાની નિયમિતપણે દેખરેખ કરવા માટે રાષ્ટ્રીય અને રાજકીય કાઉન્સિલોની રચના કરવામાં આવશે. રાષ્ટ્રીય કાઉન્સિલના અધ્યક્ષ પ્રધાનમંત્રી રહેશે જ્યારે રાજકીય કાઉન્સિલો મુખ્યમંત્રીઓ અને તેમ્નાં મંત્રાલયનાં યોગ્ય વિભાગોનાં મંત્રીઓ, બિન સરકારી સંસ્થાઓ, નેશનલ અને સ્ટેટ કમિશન ફોર વિમેન, સામાજિક કલ્યાણ બોરર્ડો નાં પ્રતિનિધિત્વ દ્વારા તેમજ મહિલા સંસ્થાઓ, કંપનીઓ, યુનિયનો, આર્થિક સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ, નિષ્ણાતો, સામાજિક કાર્યકરો અને અન્ય પ્રતિનિધિઓ દ્વારા ચલાવાશે. આ એકમો વર્ષમાં બે વાર તેનાં અસરદાર અમલ માટે રિવ્યુ કરતાં રહેશે. આ પ્રગતિ રાષ્ટ્રીય વિકાસ કાઉન્સિલને પણ પહોંચાડવામાં આવશે જેથી ત્યાંથી ટિપ્પણીઓ મળતી રહે.

૧૧.૩ મહિલાઓ માટેનાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્રોત કેન્દ્રો માહિતીનાં એકત્રીકરણ અને માહિતી ભેગી કરવા માટે, સંશોધન કરવા માટે, સર્વેક્ષણો કરવા માટે, જાગૃતતા કેલાવવા માટે તાલીમ

ગોઠવવા માટે વગેરે માટે સ્થાપિત કરવામાં આવ્યાં છે. આ કેન્દ્રો મહિલાઓને લગતાં અભ્યાસ હાથ ધરતા કેન્દ્રોને અન્ય સંશોધનો અને શિક્ષણ કેન્દ્રો સાથે જોડી અને એક નેટવર્ક ઉભું કરશે.

૧૧.૪ તાલુકા સ્તરની સંસ્થાઓ મૂળભૂત સ્તરે મહિલાઓને સશકત કરશે, મહિલાઓને સરકાર તેમનાં કાર્યક્રમો અને યોજનાઓ દ્વારા આંગણવાડી/ ગામ/ શહેર સ્તરે કાર્યરત સ્વસહાય જૂથોને સશક્ત કરશે. આવાં મહિલા જૂથોને સંસ્થા બનાવવા માટે, તેમને રજીસ્ટર્ડ સોસાયટી બનાવવા માટે અને તેમને પંચાયત/ મ્યુનિસિપલ સ્તરે ઓળખ આપવામાં મદદરૂપ રહેશે. આ સોસાયટીઓ સામાજિક અને આર્થિક વિકાસ માટે આવશ્યક સ્રોત સરકારી અને બિનસરકારી સ્રોતો જેમાં બેંક, આર્થિક સંસ્થાઓ વગેરેમાંથી ઉભાં કરીને એક આવશ્યક નેટવર્ક ઉભું કરશે.

**Resource Management સ્રોત પ્રબંધન**

૧૨.૧ યોગ્ય વિભાગો, આર્થિક ધિરાણ સંસ્થાઓ, બેંકો, ખાનગી ક્ષેત્રો, નાગરિકો અને અન્ય સંસ્થાઓ આવશ્યક આર્થિક, માનવ અને બજાર સ્રોતોની પ્રાપ્યતા જેથી યોજનાનો અમલ કરી શકાય. આ પ્રક્રિયામા નીચેનાં પગલાંઓનો સમાવેશ કરવામાં આવશેઃ

(a) મહિલાઓને મળતા લાભનું મૂલ્યાંકન અને તેમને લગતા કાર્યક્રમોને સ્રોત પ્રાપ્તિ. યોજનાઓમાં યોગ્ય બદલાવ દ્વારા આ યોજનાઓને મહિલાઓ માટે સૌથી લાભદાયી બનાવી શકાય.

(b) (a)માં દર્શાવ્યા મુજબ અન્ય યોગ્ય વિભાગો દ્વારા યોજનાને પ્રોત્સાહન મળી રહે તે માટે તેમને આવશ્યક ભંડોળ પ્રાપ્ત કરાવવું.

(c) આરોગ્ય, ગ્રામ વિભાગ, શિક્ષણ અને મહિલા અને બાળ વિકાસ વિભાગમાં વિવિધ ક્ષેત્રીય અને ગ્રામીણ સ્તરોને સુમેળ વધારવો.

(d) બેંકો અને આર્થિક ધિરાણ સંસ્થાઓ દ્વારા યોજનાનાં વિઅકસ માટે અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નવી સંસ્થાઓ સ્થાપિત કરવા માટે રકમ ઉભી કરવી.

૧૨.૨ નવમી યોજનામાં મહિલાઓ વિશેનો જે ભાગ છે તે અંતર્ગત બધાં જ મંત્રાલયો અને વિભાગોમાં ઓછામાં ઓછા 30% લાભ મહિલાઓને જવા જોઇએ અને તેનું અસરકારક પાલન થવું જોઇએ જેથી મહિલાઓ અને સ્ત્રીઓની સમસ્યાઓને દરેક યોગ્ય ક્ષેત્રમાં ન્યાય મળી રહે. મહિલા અને બાળ વિકાસ વિભાગ એક મુખ્ય મંત્રાલય હોવાથી તે આયોજનનાં આ વિભાગનાં

અસરકારક અમલ ઉપર પુરતું ધ્યાન આપશે અને તેની ગુણવત્તા અને તેનાં પ્રસાર વિશે આયોજન કમિશનને માહિતી આપતું રહેશે.

૧૨.૩ ખાનગી ક્ષેત્રનાં નિવેષને પણ અહીં લાવી આ કાર્યક્રમો અને પ્રોજેક્ટો દ્વારા મહિલા વિકાસ માટે ઉપયોગમાં લેવા પ્રોત્સાહિત કરવામાં આવશે.

**Legislation કાયદો**

૧૩.૧ પ્રવર્તમાન કાયદાકીય માળખાનો રિવ્યુ કરવામાં આવશે અને યોજનાનાં અમલ માટે અન્ય વિભાગો દ્વારા આવશ્યક કાયદાકીય સુધારાઓ પણ હાથ ધરવામાં આવશે. તેમાં દરેક વ્યક્તિગત, રૂઢિગત, આધિવાસી કાયદાઓ, પેટા કાયદાઓ અને અન્ય નિયમો તેમજ વહીવટી અને કાર્યકારી નિયમો દ્વારા જાતિય ભેદ મિટાવવા પ્રયત્ન કરવામાં આવશે. આ પ્રક્રિયા ૨૦૦૦-૨૦૦૩ વચ્ચે હાથ ધરવામાં આવશે. નાગરિક વર્ગ, નેશનલ કમિશન ફોર વિમેન અને મહિલા અને બાળ વિકાસ વિભાગ મળી ને આ વિશિષ્ટ પગલાં ભરશે. યોગ્ય કિસ્સાઓ અને સલાહ પ્રક્રિયા દ્વારા અન્ય લોકોનો પણ સમાવેશ કરી લેવામાં આવશે.

૧૩.૨ કાયદાનો અસરકારક અમલ નાગરિકો અને સમાજને સાથે લઇને કરવામાં આવશે. કાયદામાં જો આવશ્યકતા જણાશે તો આવશ્યક સુધારા પણ કરવામાં આવશે.

૧૩.૩ તદ્ઉપરાંત, કાયદાને વધુ અસરકારક કરવા અને તેના અમલ માતે નીચેના વિશિષ્ટ પગલાં ભરવાં જોઇએઃ

- *(a)* કાયદાકીય પ્રાવધાનોનું ચુસ્ત પાલન અને તકરારોનો ઝડપી નિકાલ થવો જોઇએ જેમાં ખાસ કરીને જાતિને લગતા અને હિંસાનાં કિસ્સાઓને ધ્યાનમાં લેવાં જોઇએ.
- *(b)* ઇક્વલ રેન્યુમરેશન એક્ટ અને મિનિમમ વેઇજીઝ એક્ટ જેવા કાયદાઓ અંતર્ગત કાર્યસ્થળે શારિરીક સતામણી, બાધિત અને અબાધિત ક્ષેત્રોમાં મહિલાઓનું રક્ષણ વગેરેનું ખાસ ધ્યાન રાખવું.
- *(c)* મહિલાઓ સાથે આચરાતા ગુના, તેનો દર, નિયંત્રણ, તપાસ, પિછાણ, જાસૂસી અને કાર્યવાહી વગેરેને નિયમિત પણે વિવિધ ક્રાઇમ રિવ્યુ ફોરમો અને શિબિરો દ્વારા અભ્યાસ કરવામાં આવશે. આ કાર્યવાહી કેન્દ્ર, રાજ્ય અને તાલુકા સ્તરે હાથ ધરવામાં આવશે.

સ્થાનિક, સ્વયંસેવી સંસ્થાઓ આવી ફરિયાદો દાખલ કરવા અને તેને માટે આવશ્યક નોંધણી, તપાસ અને કાયદાકીય કાર્યવાહીઓ કરી શકશે.

*(d)* પોલિસ સ્ટેશનોમાં મહિલા વિભાગ, પોલિસ સ્ટેશનમાં મહિલા કુટુંબ ન્યાયાલયો, મહિલા ન્યાયાલયો, સહાય કેન્દ્રો, કાયદાકીય રાહત કેન્દ્ર, ન્યાય પંચાયત વગેરેને મહિલાઓ સાથે થતા ગુનાઓ વિરૂધ્ધ સશકત કરવામાં અને તેનો વિસ્તાર કરવામાં આવશે.

***(e)*** કાયદાકીય હકો, માનવાધિકારો અને મહિલાઓને લગતા અન્ય હકોને વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલ કાયદા શિક્ષન કાર્યક્રમો અને માહિતી કાર્યક્રમો દ્વારા પ્રચાર કરવામાં આવશે.

**Gender Sensitization જાતિ સંવેદનશીલતાઃ**

૧૪.૧ રાજ્યનાં વહીવટી, કાયદાકીય અને ન્યાય વિભાગનાં કર્મચારીઓ જેમાં ખાસ વજન યોજના અને કાર્યક્રમનાં તૈયાર કરનાર, અમલદારો અને વિકાસ સંસ્થાઓ, કાયદાને અસરકારક બનાવનાર સંસ્થાઓ તેમજ બિન સરકારી સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવે છેઃ

*(a)* લિંગનાં મુદ્દાઓ અને મહિલાઓનાં માનવ અધિકારો વિશે સામાજિક જાગૃતતા ફેલાવવી.

*(b)* લિંગ શિક્ષણ અને માનવાધિકારનાં મુદ્દાઓનો સમાવેશ કરવા માટે અભ્યાસક્રમનો રિવ્યુ

*(c)* મહિલાઓ માટે અપમાનજનક દરેક જાહેર અને કાયદાકીય દસ્તાવેજોનો રદિયો.

***(d)*** મહિલા સમાનતા અને સશક્તિકરણને પ્રોત્સાહિત કરવા વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવો.

**Panchayati Raj Institutions પંચાયતી રાજ સંસ્થાઓ**

૧૫.૧ ભારતીય બંધારણમાં ૭૩મા અને ૭૪મા સુધારાઓ (૧૯૯૩) દ્વારા મહિલાઓને સમાન પ્રાપ્યતા અને વધારે સહભાગીતા પૂરી પાડવામાં આવી છે, જે મહિલા રાજકારણ માટેનું એક ખૂબ મહત્વનું પગલું છે. તેમાં મહિલાઓનું રાજકારણમાં સક્રિયતા દાખવવા માટે PRIs મહત્વનો ભાગ ભજવશે. PRIs અને સ્થાનિક સ્વસરકાર મહિલાઓ માટેની રાષ્ટ્રીય યોજનાને મૂળભૂત સ્તરે અસરકારક બનાવવા અને તેના અમલ માટે સક્રિય ભાગ ભજવશે.

**Partnership with the voluntary sector organizations**
**સ્વયંસેવક ક્ષેત્રની સંસ્થાઓ સાથે ભાગીદારી**

૧૬.૧ સ્વયંસેવી સંસ્થાઓ, મંડળો, વ્યાપાર યુનિયનો, બિન સરકારી સંસ્થાઓ, મહિલા સંસ્થાઓ તેમજ શિક્ષણ, તાલીમ અને સંશોધનમાં કાર્યરત સંસ્થાઓની મદદથી મહિલાઓનાં સશક્તિકરણને અસર કરતી દરેક યોજનાઓ અને કાર્યક્રમોની રચના, અમલ અને દેખરેખ રાખવામાં આવશે. આ તરફ, તેઓ સ્રોત અને ક્ષમતા વર્ધન માટે આવશ્યક સહાય દ્વારા મહિલા સશક્તિકરણમાં મદદરૂપ રહેશે.

**International Cooperation આંતરરાષ્ટ્રીય સહકાર**

૧૭.૧ આ યોજના મહિલા સશક્તિ કરણ બાબતે યોજાયેલ દરેક અધિવેશનો, શિબિરો અને કાર્યશાળાઓ જેવાં કે CEDAW, CRC, ICPD+5 અને અન્ય આવી સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલ આંતરરાષ્ટ્રીય વચનો અને કરારોને અમલમાં મૂકવા કાર્યરત રહેશે. મહિલા સશક્તિકરણ માટે આંતરરાષ્ટ્રીય, પ્રાદેશિક, સબ પ્રાદેશિક સહકારને અનુભવોની વહેંચણી, વિચારો અને તકનીકોની વહેંચણી, સંસ્થાઓ સાથે કાર્યકરી અને દ્વિતરફી અને બહુતરફી સહભાગીતા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે.